4

વિષય :– મોજે હરણી તા.વડોદરાના સ.નં.૨૬ પૈકી ૨, ટી.પી.નં.૧, ફા.પ્લોટ નં.૩ ની ૭૪૮૬ ચો.મી. જમીનની રહેણાંકના હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સંહીતાની કલમ–૬૫ હેઠળ પરવાનગી.

રીવી/એન.એ./એસ.આર./૪૧૦/૨૦૧૨–૧૩
નં.જમીન–ડી/કલમ–૬૫/વશી/ ૨૯૪૯ /૧૩
બીનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા.
તારીખ : ૨૪ / ૧૦ / ૨૦૧૩

વંચાણમાં લીધા :–

(૧) અરજદારશ્રી પટેલ અંબાબેન હરમાનભાઈ વિગેરે રહે. હરણી, વડોદરાની મોજે હરણી તા.વડોદરાના સ.નં.૨૬ પૈકી ૨ , ટી.પી.નં.૧, ફા.પ્લોટ નં.૩ ની ૭૪૮૬ જમીનની રહેણાંકના હેતુ માટે બીનખેતી પરવાનગી માંગતી તા.૧૧/૦૫/૧૧ ની અરજી તથા તા.૦૩/૦૭/૧૨ તથા તા.૧૪/૦૮/૧૩ ની પુન : વિચારણા અરજી

(૨) મામલતદારશ્રી, વડોદરા (શહેર) ના પત્ર નં.જમીન/વશી/૨૬૧૮/૨૦૧૧ તા.૧૩/૦૬/૨૦૧૧ થી રજુ થયેલ દરખાસ્ત/ અભિપ્રાય.

(૩) નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા,વડોદરાના **પત્ર નંબર ટેનન્સી/અપીલ/વશી/૩૯૮૦/૧૧, તા.૧૧/૦૭/૧૧** થી રજુ થયેલ અભિપ્રાય.

(૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના પત્ર નં.યુડીએ/પ્લાન–૨/૪૭૧/૨૦૧૧ તા.૨૪/૦૫/૨૦૧૧ થી રજુ થયેલ અભિપ્રાય.

(૫) જમીન સંપાદન અધિકારીશ્રીઓ (૧) નાયબ કલેકટરશ્રી વડોદરા (શહેર) ના પત્ર નં.વળતર/એસઆર/૫/૨૦૧૧ તા.૨૦/૦૫/૨૦૧૧ (૨) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા, એકમ–૧, વડોદરાના પત્ર નં.જસં–નં.યો/ વડોદરા–૧/વશી/ એસઆર/૬૧૫/૨૦૧૧ તા.૦૯/૦૬/૨૦૧૧ (૪) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા, એકમ–૨, વડોદરાના પત્ર નં.જસં–૨/ નયો/ વડો–૨/ વશી/૬૭૯/૨૦૧૧ તા.૨૫/૦૫/૨૦૧૧ થી રજુ થયેલ અભિપ્રાયો.

(૬) ડેપ્યુ.મ્યુ.કમિ.શ્રી (વ) વડોદરાના પત્ર નં.વોર્ડ–૨, ૧૯/૧૩–૧૪ તા.૩૦/૦૫/૧૩

(૭) સરકારશ્રીના મહેસુલ વિભાગનો ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

કલેકટર વડોદરા

હુકમ :–

મોજે હરણી તા.વડોદરાના સ.નં.૨૬ પૈકી ૨, ટી.પી.નં.૧, ફા.પ્લોટ નં.૩ ની ૭૪૮૬ ચો.મી.જમીન ૭/૧૨ ના રેકર્ડમાં કબજેદાર તરીકે (૧) શ્રી પટેલ અંબાબેન તે હરમાનભાઈ બેચરભાઈની વિધવા (૨) શ્રી પટેલ કાંતિલાલ હરમાનભાઈ (૩) શ્રી પટેલ શાંતિલાલ હરમાનભાઈ (૪) શ્રી પટેલ સુશીલાબેન હરમાનભાઈ (૫) શ્રી પટેલ હર્ષદભાઈ હરમાનભાઈ (૬) શ્રી પટેલ અરવિંદભાઈ હરમાનભાઈ (૭) શ્રી પટેલ સરોજબેન હરમાનભાઈ (૮) શ્રી જયોતિકાબેન કનુભાઈ પટેલ (૯) શ્રી ચેતનભાઈ કનુભાઈ પટેલ (૧૦) શ્રી બીજલબેન કનુભાઈ પટેલનાં સંયુકત ખાતે નામે ચાલે છે. જે ૭૪૮૬ ચો.મી.જમીનની રહેણાંકના હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા આમુખ–૧ માં દર્શાવેલ અરજીથી બીનખેતી પરવાનગી માંગેલ છે. આમુખ નં.૪ માં દર્શાવેલ પત્રથી મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વડોદરાએ સરકારશ્રી ધ્વારા હાલ અમલી મંજુર દિ.પુ.વિ. યોજનામાં રહેણાંક ઝોન (આર–૧) માં આવે છે. તથા મંજુર મુસદારૂપ ટી.પી.સ્કીમ હરણી નં.૧ માં આવે છે.આથી જી.ડી.સી.આર.ના ઝોનીગ રેગ્યુલેશન મુજબ રહેણાંક હેતુ માટે બીનખેતી પરવાનગી આપવામાં આવે તો ઝોનની દૃષ્ટિએ વાંધા સરખું નથી, તેમ અભિપ્રાય આપેલ છે.

સદર કામે મામલતદારશ્રી, વડોદરા (શહેર) મારફતે જરૂરી તપાસ કરાવેલ છે. જે અંગે મામલતદારશ્રીએ નિયત ચેકલીસ્ટમાં દરખાસ્ત તૈયાર કરી સવાલવાળી જમીનની ફેરફારો નોંધની ટુકી વિગતો દર્શાવતુ પત્રક તૈયાર કરી જમીનનું ટાઈટલ કલીયર હોવા બદલ પ્રમાણપત્ર આપેલ છે. તથા સવાલવાળી જમીન સ્થળે ખુલ્લી હોઈ સવાલવાળી જમીનમાં રહેણાંક હેતુની બીનખેતીની પરવાનગી આપવા માટે હકારાત્મક અભિપ્રાય સાથે આમુખ–૨ માં દર્શાવેલ પત્રથી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.